| Class XII<br>Gujarati<br>Sample Question Paper |
|---|

| Code No.<br>110 |
|---|

| નોંધ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્ર માત્ર વસ્તુનિષ્ઠ (MCQ) પ્રશ્નો પર આધારિત હશે.<br>➢ દરેક ઉત્તર (MCQ) માટે 1 અંક નિર્ધારિત છે.<br>➢ પ્રશ્નપત્ર કુલ 40 ગુણનું હશે અને 90 મિનિટનો સમય હશે<br>➢ વિદ્યાર્થીઓએ 50માંથી 40 પ્રશ્નોના ઉત્તર લખવાના હશે.<br>➢ સાચા જવાબ માટે બ્લ્યુ કે બ્લેક બૉલપેનથી જે તે વર્તુળને ઘટ્ટ કરવું.<br>➢ પ્રશ્નપત્રને ત્રણ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.<br>- વાચન વિભાગ<br>- સાહિત્ય વિભાગ (પાઠ્યપુસ્તક)<br>- વ્યાકરણ વિભાગ | ➢ **The question paper shall be MCQs based only.**<br>➢ **Each MCQ shall carry 1 mark.**<br>➢ **The question paper shall be of total 40 marks. Time provided shall be 90 minutes.**<br>➢ **The students would attempt 40 questions out of the total 50 questions in the question paper.**<br>➢ **Please use the blue or Black ball pen for O.M.R Sheet.**<br>➢ **There shall be 3 sections**<br>- **Reading Comprehension**<br>- **Literature**<br>- **Grammar** |

# ગુજરાતી

## ધોરણ – XII (110)

**સમય – ૯૦ મિનિટ** કુલ ગુણ 40

Time: 90 min. M.M. : 40

## (Advanced Reading Skill)

(ક) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોનોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો. 5

સાહસ એટલે ખમીર.સાહસ મનુષ્યના દૃઢવિશ્વાસનું પ્રતીક છે. કોઈપણ કાર્યની સિદ્ધિ માટે મક્કમ નિર્ધાર કરવાથી તે કાર્ય અવશ્ય સિદ્ધ થાય જ છે. જેણે લક્ષ્ય નિર્ધારિત જ ન કર્યું હોય તેને કદી માર્ગ મળતો નથી સંઘર્ષો

અને સમસ્યાઓનો સામનો કરવાથી જ વ્યક્તિના વ્યક્તિત્વનું ઘડતર થાય છે. જો વ્યક્તિ કસોટીની એરણમાંથી પસાર થાય, તલવારની ધારે ચાલે અને અનુભવની સીડી ચડે તો તેને સફળતાના શિખરો સર કરતાં કોઈ અટકાવી શકતું નથી. સાહસ તો આપણા ઘટ સાથે ઘડાયેલું છે. બાળપણથી જ સાહસની શરૂઆત થાય છે. બાળક સ્વાવલંબનના પાઠ શીખવા કેટલાં પ્રયત્નો કરે છે. ચાલતા શીખવું એ તેના માટે સૌથી મોટું સાહસ છે. સાચે 'જ સાહસ વિના સિદ્ધિ નથી.' સાહસ જીવનને સ્વર્ણિમ અને સાર્થક બનાવે છે પણ આંધળું સાહસ અધોગતિને નોતરે છે. ઘણીવાર અતિ આત્મવિશ્વાસી માણસ આવી ભૂલ કરી બેસે છે. સારાનરસાની તેને વિવેકબુદ્ધિ નથી માટે સમયની બરબાદી, થાક અને નિષ્ફળતા જ તેને મળે છે. सहसा विदधीत न क्रियाम् I વગર વિચાર્યે કોઈ કામ ન કરવું. સમજી વિચારીને સાહસ કરનારાને જ્વલંત સિદ્ધિ મળે છે. આપણી પ્રજા ખમીરવંતી છે. સાહસ તેના સંસ્કારોમાં છે, તેના લોહીમાં છે જેને કારણે જ આજે આપણી કુનેહ ઉદાહરણીય છે. સરદાર પટેલ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેમની સમજ અને સાહસને કારણે જ આપણે એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલા છીએ. એ બોધ જીવનમાં ઉતારવા જેવો છે.

**પ્રશ્નો-**

1. સાહસ શાનું પ્રતીક છે?

   A. મનુષ્યના દ્રઢવિશ્વાસ

   B. અભિમાન અને અતિવિશ્વાસ

   C.મનુષ્યની વિચારસરણી

   D. જીવનના ઉદ્દેશો

2. સંઘર્ષો અને સમસ્યાઓનો સામનો કરવાથી શાનું ઘડતર થાય છે?

   A. શ્રમ અને સિદ્ધિ

   B. સમયપાલનના નિયમનું

   C. વ્યક્તિના વ્યક્તિત્વનું

   D. ધર્મના સિદ્ધાંતોનું

3.સમજી વિચારીને સાહસ કરનારને શું મળે છે?

   A. નિષ્ફળતા

   B. જ્વલંત સિદ્ધિ

   C.માત્ર સમૃદ્ધિ

   D. માન અને પ્રતિષ્ઠા

4. સાહસ મનુષ્યના જીવનને કેવું બનાવે છે?

   A. માત્ર ઉદ્યમી

   B. પરાક્રમી અને પરાવલંબી

   C. પરિશ્રમી અને સમૃદ્ધ

   D. સ્વર્ણિમ અને સાર્થક

5. આપણી કુનેહ શાથી ઉદાહરણીય બની છે?

A. લોકોની વિચારસરણીથી

B. સામાજિક રિવાજોથી

C. સાહસ અને સંસ્કારોથી

D. માનવ સંબંધોથી

**(ખ) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો.** **5**

દેશ તો આઝાદ થાતાં થઈ ગયો, તેં શું કર્યું?
દેશ જો બરબાદ થાતાં રહી ગયો,
એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું?
'લાંચરુશ્વત, ઢીલ, સત્તાદોર, મામમાશીના,
કાળાબજારો, મોંઘવારી : ના સીમા !'
રોષથી સૌ દોષ ગોખ્યા,
ગાળથી બીજાને પોંખ્યા.
આળ પોતાનેય શિર આવે ન, જો ! તેં શું કર્યું?
આપબળ ખરચ્યું પૂરણ? જો આ દેશના ભાગ્યમાં તે શું ભર્યું?
સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હર પળ;
સ્વાતંત્ર્યના ગઢકાંગરા : કરવત ગળે.
ગાફેલ, થા હુશિયાર ! તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે?
શી સ્વર્ગદુર્લભ મૃતિકાનો પુણ્યમય તુજ પિંડ છે.
હર એક હિંદી હિંદછે,
હર એક હિંદી હિંદની જિંદગી.
હો હિંદ સુરભિત ફુલ્લદઅરવિંદ : એ સ્વાતંત્ર્યદિનની બંદગી.

ઉમાશંકર જોશી

**પ્રશ્નો –**

6. આ કાવ્ય કોને ઉદેશીને લખાયું છે?

A. આબાદી અને સમૃદ્ધિને

B. હર એક હિંદવાસીને

C. પ્રાણ અને પ્રકૃતિને

D. જિંદગીના સત્યને

7. સ્વતંત્ર ભારતમાં કવિને ક્યા દોષો દેખાય છે?

A. વેરઝેર, ઈર્ષા, સહાનુભૂતિ

B. માનવતા, મજબૂરી, આળસ

C. લાંચરુશ્વત, કાળાબજારો, મોંઘવારી

D. સમયપાલન, સત્તાદોર, અવિશ્વાસ

8. સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હર પળ..... પંક્તિ પૂર્ણ કરો.

A. રોશથી સૌ દોષ ગોખ્યા

B. એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું?

C. આળ પોતાનેય શિર આવે ન, જો! તેં શું કર્યું?

D. સ્વાતંત્ર્યના ગઢકાંગરા: કરવત ગળે.

9. તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે? -આ પંક્તિમાં કવિ ક્યા સૌભાગ્યની વાત કરે છે?

A. સ્વર્ગથી દુર્લભ માતૃભૂમિ

B. દેશના વિકાસ

C. સમાજના નિયમો

D. સમયની સાચવણી

10. કવિ સ્વાતંત્ર્યદિને શી બંદગી કરે છે?

A. લોકો પોતાની ફરજ બજાવે

B. કમળની જેમ હિંદુસ્તાનની ખ્યાતિ પ્રસરે

C. સમય અને સંજોગો બદલાય

D. સંતુષ્ટ અને સાદગીસભર જીવન

## (Literature)

**(ક) નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **5**

11. મનની દ્વિધા ટાળવા કવયિત્રી કેવો વ્યવહાર સૂચવે છે?

A. ધનસંપત્તિ એકઠી કરવાનો

B. સર્વ સાથે સમાનભાવે વર્તવાનો

C. મિત્રો અને સંબંધીઓને મળવાનો

D. પ્રશ્નોત્તરી દ્વારા ઉકેલ લાવવાનો

12. આપણા ધર્મશાસ્ત્રોમાં કયા કયા મહાભયંકર શત્રુઓ ગણાવ્યા છે?

A કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર

B. કામ, અક્રોધ, લોભ, મોહ, મદ

C. કામ, ક્રોધ, ધન, મોહ, સંપત્તિ અને મત્સર

D. કામ, ક્રોધ, લોભ, મોહ અને વિજય

13. પ્રભુલાલ દ્વિવેદીના મતે કોણ બળવાન છે?

A. સમય

B. પુરુષાર્થ

C. નસીબ

D. ધનસંપત્તિ

14. કવિના મતે મૃત્યુ પછી શું સાથે આવતું નથી?

A. મિત્રો અને સ્વજનો

B. માન અને સન્માન

C. પાપ અને પુણ્ય

D. ધન, જન, સંપત કે સાહ્યબી

15. કવિની દષ્ટિએ કોણ શૂરા છે?

A. સામી છાતીએ યુદ્ધ ન લડે એ

B. મુસીબતથી મૂંઝાય નહિ એ

C. મુસીબતથી મૂંઝાય એ

D. સત્ય અને અસત્યનું પારખું કરે એ

16. નીચેનામાંથી કયાં પ્રતીક 'હંકારી જા' કાવ્યનાં નથી?

A. વીણા અને વાણી

B. હોડી અને સંસાર

C. પાંપણ અને સોણલું

D. દરિદ્ર અને નારાયણ

17 'હંકારી જા' કાવ્યનો પ્રકાર જણાવો.

A. સોનેટ

B. ઊર્મિકાવ્ય

C. આખ્યાન

D. ભજન

**(ખ) નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **5**

18. 'કુસુમનું કઠણ તપ' પાઠ કયા પુસ્તકમાંથી લેવાયો છે?

A. સત્યનાપ્રયોગો

B. સ્નેહમુદ્રા

C. સરસ્વતીચંદ્ર

D. સક્ષારજીવન

19 કુસુમના મન પર શાની અમીટ છાપ હતી?

A. પૂર્વની રહેણીકરણી

B. લોકોની પરંપરાની

C. પશ્ચિમના આચાર-વિચાર અને સંસ્કારની

D. સંસ્કારો અને રીતરિવાજોની

20. નારાયણ હેમચંદ્રને શો શોખ હતો?

A. પુસ્તકો વાંચી ભાષાંતર કરી લોકો સુધી જ્ઞાન પહોંચાડવાનો

B. મિત્રો બનાવીને મોજ કરવાનો

C. વાર્તાલાપ કરવાનો અને જ્ઞાન મેળવવાનો

D. વાનગીઓ બનાવીને ખવડાવવાનો

21. લેખક સુરેશ જોશીની દષ્ટિએ કોને થીગડું દઈ શકાતું નથી?

A. યુવાવસ્થા અને સ્વપ્ન

B. કિશોરાવસ્થા અને જીર્ણતા

C. વૃદ્ધાવસ્થા અને જીર્ણતા

D. બાળપણ અને યુવાવસ્થા

22. ચિરાયુનું રેશમી વસ્ત્ર શાથી સાંધી ન શકાયું?

A. એટલા પાપ વિનાના વર્ષ સિદ્ધપુરુષ પાસે ન હતા.

B. ચિરાયુએ વસ્ત્ર ઉતારીને ફેંકી દીધું હતું.

C. એટલા પાપ વિનાના વર્ષ કોઈની પાસે ન હતા.

D. વસ્ત્રનું કાણું મોટું થઈ ગયું હતું.

23.માનવજીવન કેટલું સડેલું .........વાક્ય પૂર્તિ કરો.

A. અનુભવ અને દીર્ઘદૃષ્ટિનો પ્રભાવ.

B. પ્રામાણિકતા અને અલોભ-લાલચ દેખાડે છે.

C. અપ્રામાણિકતા ને ચોકસાઈ

D. માયાના આવરણ કેવાં લાલ-પીળાં રંગ દેખાડે છે!

24. 'અખાનો સંસારત્યાગ' નાટકના કોણે લખ્યું છે?

A. ગોવર્ધનરામ ત્રિપાઠી

B. ચંદ્રવદન મહેતા

C. સુન્દરમ્

D. મહાત્મા ગાંધી

**(ગ) નીચેના પ્રશ્નોના સૂચના પ્રમાણે ઉત્તર શોધો.** **5**

25. કનૈયાલાલ માણેકલાલ મુનશીનું ઉપનામ જણાવો .

A. ક.મા.મુન્શી

B. ઘનશ્યામ

C. મુનશી

D. માણેક મુનશી

26.કનૈયાલાલ માણેકલાલ------------ બંધારણના ઘડવૈયા હતા.

A. વિધાન સભાના

B. ગુજરાતી ભાષા સમિતિ

C. ગુજરાતી સાહિત્ય પરિષદના

D. હિન્દી મહાસભાની

27. ઉમાશંકર જોશીને કયા કાવ્યસંગ્રહ માટે ભારતીય જ્ઞાનપીઠનું પારિતોષિક મળ્યું?

A. વિશ્વશાંતિ

B. ગંગોત્રી

C. નિશીથ

D. આતિથ્ય

28. સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં નોંધપાત્ર પ્રદાન કરનાર ઉમાશંકર કયા યુગના સર્જક –વિવેચક છે?

A. ગાંધીયુગના

B. પ્રચીનયુગના

C. અર્વાચીનયુગના

D. મધ્યયુગના

29. આનંદશંકર કવિતા વિશે શું કહે છે?

A. અમૃતસ્વરૂપ આત્માની કલા

B. જીવનની સમૃદ્ધિ

C. વિચારની ફળશ્રુતિ

D. ઊર્મિની લાગણી

30. આનંદશંકર ધ્રુવ ગુજરાતી સાહિત્ય જગતમાં --------તરીકે પ્રસિદ્ધ છે.

A. અનુવાદક, નિબંધકાર, સાહિત્યકાર

B. મુમુક્ષુ, સાહિત્યમીમાંસક, ગદ્યકાર

C. કવિ, સાહિત્યપ્રેમી, વિવેચક

D. નવલકથાકાર, આખ્યાનકાર, લેખક

31. આધુનિક ગુજરાતી સાહિત્યના પિતા તરીકે કોણ ઓળખાય છે?

A. ઝવેરચંદ મેઘાણી

B. મહાત્મા ગાંધી

C. સુરેશ જોશી

D. રા. વિ. પાઠક

## (Applied grammar)

**(ક) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **5**

32.'ધતિંગ કરવા' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

A. અણસાર આવવો

B. સમય ન પારખવો

C. ઢોંગ કરવો

D. દેખાવ ન કરવો

33.'આભા બની જવું' – રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

A. ઉત્સાહિત થવું

B. સફળતા મેળવવી

C. ચલાવી લેવું

D. આશ્ચર્યચકિત થવું

34. નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય છે?

A. લોહી ઉકાળા કરવા – જીવ ન બાળવો

B. કાન ભંભેરવા - ઉશ્કેરણી કરવી

C. આરોપ મૂકવો - વખાણ કરવા

D. સાંખી ન લેવું – સહન કરવું

35. નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય નથી?

A. પેટનું પાણી ન હાલવું - નિશ્ચિંત રહેવું

B. બત્તી ન ફાટવી - જીભ ન ઉપડવી

C. નામ કાઢવું - પ્રતિષ્ઠા મેળવવી

D. આંખ લાલ થવી - ગુસ્સો ન આવવો

36. 'આંખ ઠેરવવી' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

A. મહિમા વ્યક્ત કરવો

B. મનને શાંતિ મળવી

C. સ્થિર નજરે જોવું

D. માન જાળવવું

37. નીચેનામાંથી 'પોરસાવવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

A. માન-પ્રતિષ્ઠા મળવી

B. વખાણ કરવા

C. આબરૂ જવી

D. માન-મોભો જાળવવો

**(ખ) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ ચાર)** **4**

38. નીચેના કહેવત-જોડકાંમાંથી સમાન અર્થવાળું જોડકું શોધો.

A. અક્કરમીનો પડિયા કાંણો. - ભાગ્યશાળીને ભૂત રળે.

B. ગઈ તિથિ બ્રાહ્મણ પણ ન વાંચે. - ખાલી ચણો વાગે ઘણો.

C. ઝાઝી કીડીઓ સાપને તાણે. – ઝાઝા હાથ રળિયામણા.

D. ઊજળું એટલું દૂધ નહિ. - મન હોય તો માળવે જવાય.

39. 'દુ:ખે પેટ અને કૂટે માથું' –આ કહેવતનો સાચો અર્થ લખો.

A. પોતાના હક માટે અવશ્ય લડવું પડે.

B. જે સાધન પાસે હોય તેનાથી જ કામ પાર પાડવું.

C. એક વાતનું દુ:ખ બીજી વાતમાં વ્યક્ત કરવું

D. મૂર્ખ માણસ એકને બદલે બીજુ જ કામ કરે

40. અપૂર્ણ કે અધકચરું જ્ઞાનવાળો જ્ઞાની હોવાનું અભિમાન કરે. - આ કઈ કહેવતનો અર્થ છે?

A. અધૂરો ઘડો છલકાય ઘણો.

B. કેડ પર કાંકરો મૂકવો.

C. બે ઘરનો પરોણો ભૂખે મરે.

D. સમય વર્તે સાવધાન.

41. 'કાંકરે કાંકરે પાળ બંધાય, ટીપે ટીપે સરોવર ભરાય'. – કહેવતનો સાચો અર્થ લખો.

A. સ્વાર્થી સારાસારનો ભેદ ન વિચારે.

B. તક, અવસર કે વેળા પ્રમાણે ન વર્તીએ તો પસ્તાવો જ થાય.

C. અનિશ્ચિત મનોદશા મુશ્કેલી જ સર્જે.

D. થોડુંથોડું કરતાં મોટું કામ પણ પાર પડે.

42. નીચેના કહેવત-જોડકાંમાંથી સમાન અર્થવાળું જોડકું શોધો.

A. જેવું કરો એવું પામો - ખાડો ખોદે તે પડે

B. મોરનાં ઈંડાં ચીતરવા ન પડે - કરે લાલો ને ભરે હરદા

C. પાકે ઘડે કાંઠા ન ચડે - શેઠની શિખામણ ઝાંપા સુધી

D. કોલસાની દલાલીમાં કાળા હાથ - એક સાંધીએ ત્યાં તેર તૂટે

**(ગ) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **3**

43. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દષ્ટિએ સાચું વાક્ય લખો.

A. લોકો સ્વાદિષ્ટ રસોઈને મસાલા કરવા નાખે છે.

B. ચૌદ નિરાધાર સ્ત્રીઓને નભાવવાનું મારે માથે આવ્યું છે.

C. લાંબા સમય સુધી ભરણપોષણ હું સૌનું શકું કરી.

D. માણસ જો શરમજનક કામ કરતો હોય જરૂર ઉપયોગી.

44.નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દષ્ટિએ સાચું વાક્ય શોધો.

A. દરિયાએ મને સ્વપ્ન આપ્યું કે મેટ્રિક પાસ કરી અમેરિકા ભણવા ચાલ્યો જા.

B. મનોબળ કરવાથી જ ધીમે ધીમે સંકલ્પો ઘડાય છે.

C. ક્ષમા નિર્દયતાનું કરવાથી પણ પરિમાર્જન થઈ છે શકે.

D. પાણી સદુપયોગ કરો વાણીનો અને ખપ પૂરતા જ વાપરો.

45. નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દષ્ટિએ સાચું વાક્ય શોધો.

A. વાંચી નવલકથા કિરણે સત્યના પ્રયોગો, અને દીપનિર્વાણ, ગુજરાતનો નાથ.

B. નવલકથા કિરણે વાંચી સત્યના પ્રયોગો,દીપનિર્વાણ અને ગુજરાતનો નાથ.

C. કિરણે સત્યના પ્રયોગો, દીપનિર્વાણ અને ગુજરાતનો નાથ નવલકથા વાંચી.

D. ગુજરાતનો નાથ, દીપનિર્વાણ અને સત્યના પ્રયોગો વાંચી કિરણે નવલકથા.

46. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દષ્ટિએ સાચું વાક્ય શોધો.

A. હું એલિસબ્રિજ પુલ પર જતો હતો ત્યારે અકસ્માત થયો.

B.વિજય તો તમારો જ થશે પાણ પાંડવો 5 ના 5 રહેશે.

C. હું રિસેસમાં દસેક મિનિટ એને મળવા જતો.

D. બે-એક ઘરમાંથી બધા મહિનાથી વિદેશમાં ગયા છે.

**(ઘ) નીચેના વાક્યોના સૂચના પ્રમાણે કાળ ઓળખો. (કોઈપણ ત્રણ)** **3**

47. નીચેના વાક્યોમાંથી ચાલુ વર્તમાનકાળનું વાક્ય શોધો.

A. અતિશય ગરમીમાં પણ પરીક્ષા ચાલી રહી છે.

B. અજય અને વિનય હરિફાઈમાં પ્રથમ આવ્યા છે

C. હું નવા વર્ષે અહિંસાનો સંકલ્પ કરવાની છું

D. સવારે બાગમાં સુંદર ફૂલો ખીલ્યા છે.

48.નીચેના વાક્યોમાંથી સાદા ભૂતકાળનું વાક્ય શોધો.

A.પરીક્ષાનું પરિણામ આવતા જ વિદ્યાર્થીઓ ખુશખુશાલ થઈ ગયા હતા.

B. સમષ્ટિએ સત્યને મુસીબતના વખતમાં સગી બહેનની જેમ મદદ કરી.

C. પર્યાવરણની રક્ષા કરવા વિદ્યાર્થીઓ વૃક્ષારોપણ કરતાં હતાં.

D. બહારના શેરીના દીવાના પ્રકાશનો એક લિસોટો આગલા ઓરડામાં પડતો હતો.

49.નીચેના વાક્યોમાંથી પૂર્ણ ભવિષ્યકાળનું વાક્ય શોધો.

A. આપણે લોકોને સ્વચ્છતાનું મૂલ્ય સમજાવીશું.

B. મારા કોઈ વાડોલાને આંચ ના આવે એવી જગ્યાએ ખોદજો

C. દાદા, એક શરત તમારે વાર્તા કહેવી પડશે.

D. દુનિયાના સાધુપુરૂષોને મળવાનો મેં રિવાજ રાખ્યો છે.

50. નીચેના વાક્યોમાંથી પૂર્ણ ભૂતકાળનું વાક્ય શોધો.

A. વૈજ્ઞાનિકો સંશોધન કરી રહ્યાં હતાં.

B. વાસણ સાફ કરી રસોડાના પ્લેટફોર્મ પર ગોઠવ્યાં હતાં

C. મંદિર દરિયા કિનારાના એક ઊંચા ટેકરા પર આવેલું હતું.

D. તેણે જીવન પર્યંત સત્યનો આશરો લીધો છે.